Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત ૧૯૬૧—માહ. અંક ૭ મો.

## પ્રભુ સ્તુતિ

### શાર્દૂલવિક્રીડિત.

જેથી પાપમૃગો[1] પલાયન કરે દૂરે વિલોકી ડરી,
નાશે કર્મ[2] ગજેંદ્ર નાદ કરતા જેથી ન આવે ફરીઃ
જે ગાજે ગુરૂ દેશના રવ[3] કરી માજા[4] ન મુકે કદા,
તેવા શ્રી જિન કેશરી ભવતણી ભીતિ વિદારો સદા. ૧

## આત્માનંદ પ્રકાશનું આશાષ્ટક.

### સ્રગ્ધરા.

જૈનોનો નિત્ય થાયે વિજય અતિ ઘણો વિશ્વમાં ધર્મ ધારી,

૧ પાપરૂપી મૃગલા. ૨ કર્મરૂપી હાથી. ૩ શબ્દ. ૪ ધર્મની મર્યાદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાજે ગર્જારવેથી નિરમલ ગગને તત્પ્રતિ ધ્વાન[1] ભારી;
આનંદે સંપ જામે અખિલ [2] જગતના સંઘનો એક રંગે,
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઇ ધરે આશ એવી ઉમંગે. ૧
ભાવેથી શ્રાવકોમાં પરમગુરૂતણી ભક્તિનો ભાવ જામે,
ઈર્ષ્યાને દ્વેષ નિંદા સકલ અવગુણો સઘ તે નાશ પામે;
ધારીને સંપ સારો ઉદય અતિ ધરે જૈન વીરો અભંગે,
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઈ ધરે આશ એવી ઉમંગે. ૨
સ્થાને સ્થાને વિહારી મુનિવર વિચરી ધર્મનો બોધ આપે,
અજ્ઞાની શ્રાવકોના અબુધ હૃદયથી સર્વ અજ્ઞાન કાપે;
સંઘાડે સંપ રાખે સકલ મુનિવરો એક્તા ધારી અંગે,
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઈ ધરે આશ એવી ઉમંગે. ૩
થાયે શ્રી શ્રાવકોના અગણિત તનુજો વિશ્વવિદ્યા વિલાસી,
વિદ્વત્તાથી વિકાશે અખિલ અવનિમાં ધર્મ તેજે પ્રકાશી;
સદ્વૃતેથી સુશોભી સકલ ગુણ ધરી શોભતા સાધુ સંગે,
**આત્માનંદ પ્રકાશ** પ્રગટ થઈ ધરે આશએવી ઉમંગે. ૪

અપૂર્ણ.

# વૈરાગ્ય — તરંગ.

**ઇસ તન ધનકી કૌન બડાઇ, દેખત નયનમેં મટ્ટી મિલાઇ.**
**એ રાગ.**

શૃંગ વિનાના પુચ્છ વિનાના, માનવ મનશું મોહી રહ્યો રે. એઆંકણી

૧ પડછંદો. ૨ બધા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય સરિતા પુર પલકમાં, તે શું રોકી શકાય ઘડીરે;
જાય મળી સરિતા સાગરમાં, જાવું તારે તેમ મળીરે. શૃંગ. ૧
આજ કોઇ કોઈ કાલ ચલે, પરસુ દિન માસ છમાસ પછીરે;
વરસ પચીસ પચાસ પછી પણ, જાવું એતો વાત ખરીરે. શૃં. ૨
ચક્રી ચલે ગયે ફકીર ચલે ગયે, એકહી પંથકો દોહી ગયે રે;
પાપ પુન્ય હૈ સબકો સહારા, ધન દારા સબ દૂર રહેરે. શૃં. ૩
કાળ કોળીઓ સબકો કરતો, સ્થીર ન કોઇ રહીજ શકેરે;
સ્થિર અવિનાશી આતમરાજા, પ્રકૃતિ વશ સુખ દુઃખ સહેરે. ૪
હરિહર બ્રહ્માદિક સબ દુનિયા, છોડ ચલે ચલે કૃષ્ણ મુરારી;
નામ ધરાયા નાશ સોપાયા, ઐસી ભલી તતબીર બનીરે. ૫
ચેતન ચેતી લે ચિતમાં ચટ, વખત હજુ નથી વીતી ગયોરે;
જાગ્યો ત્યાંથી સવાર ગણીલે, ગઇ ગુજરી સંભાર નહીરે. શૃં. ૬
મુક્તિ મારગ મૂકી ભૂંડા, ભ્રમ જાળ મહી શાને ઝંપલાયે;
કામિની કામ વશે પડી પ્યારા, આતમ ધનતું શાને ગુમાવે. ૭
મેરી માતા, મેરા પિતાઆ, બંધુજન સબ મેરા મેરા;
કાયા મેરી જાયા મેરી, ધનમાલ હવેલી મેરા મેરા. ૮
તેરા કયા મૂરખ મન મનવા, ભેદ ન જાણે તેરા મેરા,
શોચ, વિચાર જરા ચેતનજી, મોહ જાળકું ફેંક દૂરે (અલ્યા) ૯
કાળ કરાળ પ્રવાહ મહીં, જનમ્યોજ મુઓ જસપાર નહીંરેઃ
દેહ નવીન નવીન ધર્યા વળી, નવનવલા હુવા માત પિતા રે શૃં. ૧૦
રખડયો રઝળ્યો કૈક સ્થળે, દુઃખ સુખ સહ્યાં જીવ કર્મવશેરેઃ
તોય ન ભાન ન જ્ઞાન થયું, ભ્રમ જાળ બરાબર છાઇ રહીરે. ૧૧
નારી પ્યારી મુકાય પરી કયમ, જીવ જાનસે જેમ લગીરે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડયા વિણ નહી મુક્તિ મિલેગી, કહેત ગયે જિનરાજ હમેરે ૧૨
માયાકા બંધન બહુ મોટાં, છોટાં જન શું છોડી શકે રે,
કર્મરાજ જબ હોત સવારી, જોર ન ચાલે ઔરનકા રે. ૧૩
યોગીંદ્ર છૂટે કો મુનીંદ્ર છૂટે, કભી છૂટી શકે જીવ હલુકર્મા રે;
અંતર આત્મ વિકાસ થયા વિણ, પરાપુદ્ગળકા જોર બડારે. ૧૪
લેના ફકીરી યા દુનિયાદારી, અબ સમજ પડેન કહાંહાં;
જાય જીવિત જોસ બંધઆ, કયા કરના અબ કયા કરના હાં ૧૫
ભારી કરી ભગવાન ભુલાવા, માંહી નાંખી દૂર રહ્યોરી;
પંથ દિખાયે દો દુનિયામાં, કાંતો ફકીરી કાં ઘરબારી શૃંગ૦—૧૬
પ્યારી વશ જે પામર પ્રાણી. પરમાત્મે દશાકું કૈસે પિછાણે;
ખાખરકી ખિસકોલી કદી શું, સાકર કેરા સ્વાદને જાણે. શૃ—૧૭
ભગત બન્યા ઠગવા જગ જનને, કૈક પતિંગ ધરામાં ઉઠાવે;
ડૂબે આપ ડૂબાડે અવરને, પથ્થર નાવ સમાન કહાવે. શૃંગ—૧૮
પારકે પૈસે કરે દીવાળી, સ્ત્રી સંગે અતિ રંગ ઉડાવે;
તોય અહા, ખુબી તારી જમાના, દુનિયા દિવાની શીર ઝુકાવે.૧૯
અબ માનવ તું મનન કરીલે, મુક્તિ ગમે તુજને કે ફાંશી;
ફાંશી ગમે તો મુક્તિ તજી દે, મુક્તિ ગમે તો ફેંક દે ફાંશી. ૨૦
મોહપ્રિયા ધન વિષય કષાયા, સ્વારથ ઇનકો ફાંશી સમજલે:
પરમારથ પ્રભુ ચિંતન નિશ દિન, મુક્તિ માર્ગ સહજ સમજીલે. ૨૧
ધીરે ધીરે ફાંશી ઉપાધિ, અલ્પ કરી પ્રભુ ધ્યાન લગાદે;
બંધન ઓછાં કરતાં કરતાં, મુક્તિ સુખ કો સહજ મિલાલે— ૨૨
(તત્વની) વાતાં એક (વિચિત્ર) સુનીલે, તોલ કરીલે બુદ્ધિ તુલામાં;
પ્રકૃતિ—પુરૂષ—મિલી, દેહ બન્યો આ, પ્રકૃતિ જડને પુરૂષહે આત્મા
શૃંગ—૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતિ સંસર્ત્તિ સબ દુનિયાકી, હોત પરસ્પર મેલનસે રે;
વિયોગ થયો જબ દોહી નકામા, નિજ નિજ ભાવકો દોહી ભજેરે. ૨૪
(આતમ)પુરૂષ શુદ્ધ સ્થિર અવિનાશી, પ્રકૃતિ મલિનહૈ ચલિત વિનાશી
માનું કસે કોઇ કહેજો, ટાળી ટળેના પ્રકૃતિ જનકી. ૨૫
જબ જીવ ઉન્નત શ્રેણી ચડત હૈ, સઘ ઉનકો વહી માલુમ હોતે,
પુરૂષ વશ હૈ પ્રકૃતિ જનકી, પ્રકૃતિ વશ કભી પુરૂષ નહિ હૈ. ૨૬
તમસ, રજસને સત્વ અનુક્રમે, એક એકસે શુદ્ધ પ્રકૃતિ હૈં;
તમસ રજસકો છોડ ગ્રહણ કર, સત્વ પ્રકૃતિ સબ મુનિજન કહેતે
શૃંગ—૨૭
તમસ તામસ કું, રજસ વિષય કું, સત્વ જ્ઞાન કું સઘ બઢાતે;
તેસેં શુદ્ધ આહાર-વિહાર કર્યે, જીવ સાત્વિક નિશ્ચય હોતે. ૨૮
માદક દ્રવ્ય ઔર સ્ત્રીકી વાંચ્છા, મદ્ય માંસ કો દૂર તજીદે;
તપ જપ ધ્યાનદિક કરી કાયા, શુદ્ધ કરીલે શુદ્ધ કરીલે— ૨૯
મલિન પ્રકૃતિ કે વશ કે લિયે જીવ—આત્મ સ્વરૂપ નહી નજર પડે રે
સ્ફટિક નિર્મળ જબ હો પ્રકૃતિતબ, આત્માનંદકા ભાનુ ખીલેરે ૩૦
સત્વ બઢે ત્યમ, આતમ નિર્મળ, કર્મ વાદળ (પ્રકૃતિ) સબ દૂરખસેરે
કેવળ જ્યોતિ ઝળહળ પ્રગટે, રાજશશી અબ શાંત રહેરે. શૃંગ
વિનાતા૦ ૩૧

શા રાયચંદ કસળચંદ અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૨૯ થી ચાલુ. )

## પ્રકરણ ૬ હું.

" पूर्व पुण्य प्रभ्रावेन भवेज्जंतुर्महाव्रती " ।

## મુનિચંદ્રવિજયજી ઉર્ફે વૈભવવિજયજી.

પૂર્વના સંકેત પ્રમાણે મુનિ વિચાર વિજય વલ્લભિપુરથી વિહાર કરી ચિંતામણિને વર્દ્ધમાનપુર ( વઢવાણ )માં મલ્યા હતા. પોતાના ઉપકારી ગુરૂના દર્શન થતાંજ ચિંતામણિને અપાર આનંદ થયો હતો. સૌરાષ્ટ દેશની સીમ ઉપર આવેલું વર્દ્ધમાનપુર પ્રાચીનતાથી પ્રકાશિતછે. જૈનમુનિઓના ઉપાસક ગુર્જરપતિ સિદ્ધરાજે તે નગરને શ્રીલ્લાવાલું કરેલુ છે. પૂર્વે પરમ પવિત્ર અને ભવતારક ભગવાન્ શ્રી મહાવીરસ્વામીએ પોતાના વિમલવિહારથી એ નગરને પવિત્ર કરેલું હતું. જેનું પવિત્ર ચિન્હ રૂપ શૂલપાણિ યક્ષની પ્રતિમાથી અદ્યાપિ એ નગર અંકિત થયેલુંછે. પૂર્વે અસ્થિગ્રામથી ઓલખાતા એ પ્રાચીન નગરનો ઈતિહાસ પવિત્ર કલ્પસૂત્રની સાથે ગ્રંથિત થયેલો છે.

આ નગરમાં મુનિ વિચારવિજયે ચિંતામણિને ભવતારિણી દીક્ષા આપી. વર્દ્ધમાનપુરના નાના સંઘે તે પ્રસંગે યથાશક્તિ મહોત્સવ કર્યો હતો. મુનિ વિચારવિજયને શિષ્ય કરવાની તૃષ્ણા જેવી પૂર્વે હતી, તેવી અત્યારે ન હતી; તેથી ચિંતામણિની ઈચ્છાને અનુસરી મહા મુનિ વિમલવિજયના નામની તેને દીક્ષા આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વલ્લભિપુર છોડયા પછી મુનિ વિચારવિજય જ્યારે વર્દ્ધમાન-પુરમાં ચિંતામણિને મલ્યા, ત્યારથી મુનિ વિચારવિજયના પૂર્વ વિચારોમાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. ચિંતામણિ જેવા વૈભવ સંપન્ન વણિક પુત્રની વૈરાગ્ય ભાવના ઉપરથી મુનિ વિચાર વિજયે ઉત્તમ શિક્ષા મેળવી હતી તેઓએ વિચાર્યું કે, "આ ચિંતામણિ કે જેનો વૈભવ વલ્લભિપુરમાં મેં પ્રત્યક્ષ જોયેલો છે, તે સર્વ વૈભવને તૃણવત્ છોડી આ મહા વ્રત લેવા તૈયાર થયેલ છે તે મહાવ્રતની કેવી શ્રેષ્ઠતા ? જેને માટે મહાન્ ભૂપતિઓને મોટું માન છે, મહા પુરૂષો જે સંપાદન કરવા મથન કરેછે અને જે આ ભવજનિત મહા પીડાનો ક્ષણવારમાં પ્રલય કરેછે, તેવું મહાવ્રત મને પુણ્યયોગે પ્રાપ્ત થયેલ છે. તેનો સદુપયોગ કરવો એ મારો પવિત્ર ધર્મ છે. ભવની ભયંકર પીડામાંથી મુક્ત થવાનો માર્ગ મેં સંપાદન કર્યો છે. હવે પાછો એ પીડા ભોગવવાનો અધિકારી થાઉં, તો પછી આ મહા વ્રતને કલંક લાગે. એટલુંજ નહિ પણ જેમનો હું શિષ્ય છું, એવા મારા પરમ ચારિત્રધારી વિમલવિજય જેવા ગુરૂની પ્રતિષ્ઠાની હાનિ થાય."

આવું વિચારી મુનિ વિચાર વિજયે પોતાની પ્રકૃતિના ધર્મને ફેરવી દીધો હતો. હવે તેઓ પરમ પવિત્ર મુનિ ધર્મથી અલંકૃત થયા હતા. ચિંતામણિને તેના મોહમાં મુઢ થયેલા અને વૃદ્ધવયે પુત્રના આલંબનની આશા રાખનારા માતપિતાથી અને પ્રતિવ્રત ધરનારી તેની શુદ્ધ શ્રાવિકા વિમલા જેવી પત્નીથી વિખુટો પાડયો. તે માટે તેમને અતિ પશ્ચાતાપ થતો હતો. વળી પોતાની શિષ્ય કરવાની લાલસા જે પૂર્વે પ્રબલ હતી. તે તદન વિલય થઇ ગઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. તેથીજ ચિંતામણિને તેઓએ મુનિરાજ શ્રી વિમલવિજયના નામની દીક્ષા આપી હતી.

ચિંતામણીનો દીક્ષા મહોત્સવ મોટા આડંબરથી વર્દ્ધમાનપુરમાં કરવામાં આવ્યો ન હતો તથાપિ ત્યાંના શ્રધાલુ સંઘે દીક્ષાની પવિત્ર ક્રિયા વખતે સારો ઉત્સાહ દર્શાવ્યો હતો. ચતુર્વિધ સંઘની સમક્ષ દીક્ષિત થયેલા આ અભિનવ મુનિનું ચારિત્ર આરંભમાંથીજ ચલકાટ આપતું હતું તેની નિર્મળ દ્રષ્ટિમાંથી વૈરાગ્યના કિરણોજ નીકલતા હતા. જોકે યૌવનવય, સુંદરરૂપ અને પૂર્વ પુણ્યથી સંપાદિત વૈભવનું તેજ તેમની શારીરિક સંપત્તિમાં દેખાતા હતા, તથાપિ અત્યારે તે સાધુધર્મની શાંતતાની સાથે મિશ્ર થઇ કોઇ અલૌકિક દિવ્યતાને દર્શાવતા હતા. તેઓ આજથીજ મુનિમંડલની પ્રૌઢ ઉન્નતસ્થિતિએ પોહોંચ્યા હોય તેવા દેખાતા હતા. તેની મનોવૃત્તિમાં ઉત્તરોત્તર આત્મગુણની સમૃદ્ધિ સંપાદન કરવાની અભિલાષા થયા કરતી હતી. એ યુવાનમુનિ પરમાર્થનું મનન કરી આરૂઢ સંયમબલ પ્રાપ્ત કરી સંકલ્પથી પરોપકાર કરવાની ધાર્મિક ધારણા ધારણ કરતા હતા. તેમના દરેક સૂક્ષ્મ વિચારોમાં ચારિત્રના ઊત્તમ ગુણ રમી રહયા હતા. પ્રત્યેક વ્યકિત ઊપર સમાનતા રાખવાની ઊત્તમ પદ્ધતી તેઓએ જન્મથી સંપાદન કરી હોય તેમ સ્વાભાવિક પ્રકૃતિ સાથે તે યુકત થએલી દેખાતી હતી ક્ષણે ક્ષણે કરવાની ઊચિત ક્રિયાઓ આચરવામાં તેમની તત્પરતા સર્વદા જાગ્રત રહેતી હતી. ભવવાસનાના મલિન સંસ્કાર તેમણે મૂલમાંથીજ ઊન્મૂલન કર્યાં હતા.

આ નવદીક્ષિત મુનિ સર્વદા આત્મસ્વરૂપનું મનન કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ક્ષણે ક્ષણે અનિત્ય ભાવના ભાવતા હતા. કોઈવાર પોતાના આત્માને સંબોધીને કહેતા કે, હે ચેતન, તેં અનેક ભવમાં ભ્રમણ કર્યું છે. હવે વિશ્રાંતિ લેવા નિશ્ચય કર. તને જ્ઞાન, દર્શન અને ચારિત્રની ત્રિપુટીરૂપ શીતલ છાયાદાર કલ્પવૃક્ષ મલ્યું છે. તેનો આશ્રિત થઈ અનુપમ આનંદ પ્રાપ્ત કર. પરમાનંદ વિના બીજામાં સુખ માનીશ નહીં. મુનિજીવનને સ્પૃહા કરવા યોગ્ય બીજું કયુ સુખ છે ? કયું આદરણીય છે ? સંસારનું સુખ એ સુખ નથી પણ ઝેરી ફલ છે, તે તું જાણે છે. તો તેમાં સુખની ઈચ્છા શા માટે કરવી જોઈએ ? સંસારની મલિન માયામાં મુગ્ધ થવું, એ તારા જેવા માર્ગાનુસારી આત્માને અનુચિત છે. સિદ્ધિનું સાધન સંપાદન કરવાનીજ તારી પવિત્ર ફરજ છે. આ વિશાલ વસુધામાં તારો બીજો કોણ છે? કે જેને માટે તું વ્યાકુળ થઇ રહે ? આ ચપલ સંસારમાં કોઈ કોઇનું નથી. નેત્રના સંમીલન પછી કાંઇ રહેવાનું નથી; તો તું આટલો અધીરો કેમ બને છે ? આવા સુખ સાધવાના સમયમાં કોણે તારા મનમાં સંદેહ ઉત્પન્ન કર્યો છે ? ચેતન, હવે પાછો વળ. તને ઉન્નતિનું શિખર મલ્યું છે. અવનતિના મહાપંકમાંથી તારો ઉદ્ધાર ગુરૂશ્રીએ કરેલો છે. વલ્લભિપુરના વમલમાંથી, બંધુજનના દૃઢ પાશમાંથી અને કમલારૂપ કારાગૃહમાંથી તને મહાગુરૂએ બચાવ્યો છે. જે માર્ગ તને સંપાદન થયો છે, તે માર્ગે જો તું એક નિષ્ઠાથી ચાલીશ તો છેવટે મુકિત નગરની સાંનિધ્યમાં સુખે પેહોંચી શકીશ.

આ પ્રમાણે ભાવના ભાવતા એ તરૂણમુનિ આત્મ સાધન કરતા હતા. વિનયમૂલ ધર્મને અવલંબી એ મુનિવર્ય પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપકારી મુનિરાજ વિચાર વિજયની આજ્ઞામાં રહેતા હતા. મુનિ વિચાર વિજયની પૂર્વની વૃત્તિ હવે બદલાઇ ગઈછે એ આ નવીન મુનિના જાણવામાં આવી ગયું હતું. જ્ઞાનમય ચક્ષુથી અવલોકન કરતા એ મુનિ શુદ્ધ ભાવે ગુરૂ ભકિત કરતા હતા. મુનિ વિચાર વિજય પણ એ અભિનવ અનગારની ઉપર અપાર પ્રિતી રાખતા હતા અને ક્ષણે ક્ષણે તેમની સર્વ જાતની સંભાલ લેતા હતા. ઘણીવાર આનંદના ઊભરાથી એ પવિત્ર મુનિનું નામ ચંદ્રવિજય છતાં મુનિ વૈભવવિજય એવું ઊપનામ આપી બોલાવતા હતા અને તે નામ સાર્થક છે એમ તેમની આગલ સિદ્ધ કરતા હતા.

અપૂર્ણ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

( ગત અંકના પૃષ્ટ ૧૩૩ થી ચાલુ. )

પ્રાણવલ્લભે, તમારા ઊદરમાં આવેલ આ પુત્રીરત્ન સતી ધર્મને ધારણ કરી શ્રાવક કુલની શોભા વધારશે. સતીઓએ ભારત વર્ષ ઊપર જે સત્કીર્ત્તિ સંપાદન કરી છે, તે અદ્યાપિ આપણાં ધાર્મિક આચાર સાથે સંયુકત થઇ સ્તવનામાં ગવાયછે. સતીઓના પવિત્ર નામની માલા દરેક આર્હત પરમ ભકિતથી જપેછે. સતીઓની શ્રેણીના ગીતની ગર્જનાના નાદથી ભારતની ભૂમિ સર્વદા ગાજેછે. એવી સતીઓની શ્રેણીમાં તમારી સુતાની ઊત્તમ રીતે ગણનાથશે. એ વાત નીઃસંદેહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહદેવના આવા વચન સાંભલી પ્રીતિદા પરમ આનંદ પામી. અને પોતાના ઉદરમાં રહેલા સતી ગર્ભથી પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગી. આનંદના આવેશમાં આવેલી બાલાએ સ્વામીને આલિંગન આપ્યું અને હર્ષ ભરેલા હૃદયથી પવિત્ર પ્રેમનો પ્રભાવ દર્શાવ્યો. તેણીએ જાણ્યું કે, પોતે અલ્પ સમયમાં એક મહા સતીની માતા થવાનીછે. પોતાની શુદ્ધ શ્રાવિકા સતી પુત્રીના સચરિત્ર સાથે પોતાનું નામ સર્વદા ભારત વર્ષ ઉપર રહેવાનું છે. આથી તે મધુર હાસ્ય કરતી બોલી—પ્રાણેશ, આપના વચનામૃતથી મારા શ્રવણને પરમ સુખ મલ્યું છે. અને આ સુંદર સરિતાનું સ્નાન મને સુધાસ્નાન જેવું થયું છે. આટલું કહી તે લજ્જાના ભારથી દબાઇ ગઈ. તે પછી બંને દંપતી કેટલીએક વિવિધ જલ ક્રીડા કરી સ્વસ્થાન પ્રત્યે ચાલ્યા ગયા.

## પ્રકરણ ૬ હું.

## સતી જન્મ.

પ્રાતઃકાલનો મંદ મંદ શીતલ પવન વાયછે, અરૂણે પોતાની પ્રભાથી પૂર્વ દિશા રૂપ રમણીને કસુંબાની સાડી પેહેરાવીછે. પૂર્વ દિશા ગગન મણિને ઉત્સંગમાં બેસારવા ઉત્સુક થઇ પ્રકાશતી જાયછે. ધાર્મિક માનવ મંડલ જાગ્રત થઈ ઉચ્ચ ભાવના ભાવેછે. સર્વ દિશાઓ પ્રસન્નતાથી પ્રકાશને વધારતી જાયછે. પ્રમાદ રહિત પક્ષિઓ પ્રભાતના મંગલ ગીત અવ્યક્ત અને મધુર શબ્દમાં ગાયછે. આવા શુભ સૂચક સમયે પ્રીતિદાએ એક પુત્રી રત્નને જન્મ આપ્યો. સહદેવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને વધામણી કહેવાને અનુચરો દોડા દોડ કરવા લાગ્યા. નગરના લોકો સહદેવના મંદિરમાં વધામણી કહેવા આવવા લાગ્યા. કારણકે સહદેવ આ પુત્રીનો જન્મ પુત્ર જન્મથી અધિક માની જન્મોત્સવ કરેછે, એમ તેમના જાણવામાં આવ્યું હતું. તેજ દિવસે જિન મંદિરમાં પૂજા આંગી વિગેરેથી મહોત્સવ કરવામાં આવ્યો હતો. અનેક વિદેશી વ્યાપારીઓ તરફથી આ પ્રસંગે ઉત્તમ ભેટ આપવામાં આવતી હતી. આનંદમાં મગ્ન થયેલો સહદેવ યાચકોને અગણિત દાન આપવા લાગ્યો. સૂતિકાગૃહમાં રહેલી પ્રીતિદા જનન પીડાને ભુલી જઇ અતિ હર્ષ પામતી હતી તેની આસપાસ દાસીઓના વૃંદ સેવાને માટે તત્પર થઈ ઉભા હતા. શિશુ રૂપે આવેલી સતીના સ્વાભાવિક તેજથી સૂતિકાગૃહ પ્રકાશતું હોય તેમ દેખાતું હતું.

આ પ્રસંગે સર્વના હૃદયમાં આનંદ પ્રવાહ ચાલી રહ્યો છે. હૃદયે હૃદય મેળવી અને કંઠે કંઠ મેળવી સહદેવના દ્વારમાં આવી સર્વે આનંદમાં આંદોલન કરે છે. સહદેવ નિઃસીમ આનંદમાં મગ્ન થઈ વધાપકોને અંતરથી આવકાર આપે છે. મંદગતિથી પવન ક્રીડા કરતો સરિતાના જલ ઉપર થઈ આવીને સહદેવના શરીરને શીતલ કરે છે. નગરના સ્ત્રી પુરૂષો સતીના દર્શન કરવાને ઊત્સુક બની સહદેવના દ્વાર આગલ એકઠા થયા છે. અને ભવિષ્યના એ મહા સતીનું શુભ ચિંતન હૃદય પૂર્વક કરે છે. કેટલાકએક યાચકો સહદેવ પાસેથી વાંછિત દાન મેળવી એવી આઘોષણા કરતા હતા કે, "**સતીનો જય થાઓ.**"

અનુક્રમે શુભ દિવસે સહદેવે એ પ્રભાવિક પુત્રીનું નામ **નર્મદા સુંદરી** એવું પાડયું. શુકલ પક્ષની ચંદ્રિકાની જેમ એ બાલસતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. શિશુ વયમાંથીજ તેનામાં સતીના સર્વ ગુણો પ્રકાશતા હતા. મનુષ્ય જીવનની સ્વાભાવિક શોભા શિશુ અવસ્થામાં જણાય છે. તેમાં વળી આવી પ્રભાવિક પ્રતિમામાં તે જણાય તેમાં શું આશ્ચર્ય! એ બાલ સતીના મુખ ઉપર મૃદુ મૃદુ હાસ્ય સ્ફુરી રહેતું હતું. સરલતા, નિષ્કપટતા અને નિશ્ચિંતતા વિગેરે સ્વાભાવિક ગુણો તેના જીવનની ભાવી ઉન્નતિનું સ્મરણ કરાવતા હતા. તેનામાં જે ગાંભીર્ય અને સૌંદર્ય દેખાતા તે માનવ જીવનનું સૂક્ષ્મ અવલોકન કરાવતા હતા. આવા પ્રભાવિક ભવિ જીવોનું વર્તન પ્રથમથીજ દીવ્યતા દર્શાવી આપે છે. તેવા પુણ્યવંતને સંસારનો પ્રબલ ઝંઝાવાત સન્માર્ગથી કુમાર્ગે લઈ જઈ શક્તો નથી. તેમાં સતીઓનું જીવન એક અલૌકિક છે. તેઓનામાં પાતિવ્રત્યનો પ્રેમ વિરાજમાન હોવાથી તે કદિ વ્યવહારિક પ્રવાહમાં રહેલ હોય તથાપિ તેઓને તે પ્રવાહ ગમે ત્યાં તાણી જવા શક્તિમાન થતો નથી. સાધુતા અને સચ્ચરિત્ર કોઇને પણ મર્ત્યલોકમાં દેવતા સમાન કરતા હોય તો તે સતીઓનેજ કરે છે. સતી ધર્મની સાધક રમણીઓના હૃદયમાં મૃદુ મૃદુ ભાવે જે તેજ, જે દિવ્ય શક્તિ અને જે પ્રભાવ સંચિત થાય છે, તેજ કાલ ક્રમે જનસમૂહના અજ્ઞાન અંધકારને ભેદી ધાર્મિક ઉન્નતિનો વિજય ધ્વજ ગગનમાં ચઢાવી શકશે.

જેમ જેમ નર્મદા સુંદરીનું વય વૃદ્ધિ પામવા લાગ્યું, તેમ તેમ તેનામાં વિદ્યા, કલા વિગેરેની વૃદ્ધિ થવા લાગી. એ બાલાએ અલ્પ સમયમાંજ સર્વ જાતની વિદ્યા કલા સંપાદન કરી લીધી. શિશુ વયના આરંભથીજ તેનામાં ધાર્મિક વૃત્તિ જાગ્રત હતી. પ્રાતઃકાલથી માંડીને સાયંકાલ સુધી શ્રાવિકાને કરવા યોગ્ય ક્રિયાઓ તે આચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રતી હતી. જ્યારે તે કોઈપણ સઝાય ગાતી ત્યારે તેના સ્વર માધુર્યથી શ્રોતાઓ આકર્ષાતા હતા. તેના સ્પષ્ટ અને શુદ્ધ ઊચ્ચાર શ્રવણેંદ્રિયને પરમ આનંદ આપતા હતા. જ્યારે તે જિન મંદિરમાં પૂજા કરતી વખતે પ્રભુના દિવ્ય સ્તવના ગાતી તે વખતે ચૈત્યનો મધ્ય મંડપ સ્વર માધુર્યના પ્રતિધ્વનિથી એવો ગર્જના કરતો કે જાણે બીજું દિવ્ય વાદ્ય આકાશ માર્ગે વાગતું હોય તેમ લાગતું હતું. ઘણીવાર જ્યારે પોતાની સમાન વયની સખીઓ સાથે પ્રભુની આગલ નૃત્ય કરતી તે વખતે તેની ભક્તિની પ્રભા દ્રષ્ટાને અત્યંત અસર કરતી હતી. આ પ્રમાણે નર્મદા સુંદરી તે નર્મદાપુરીના લોકોને આનંદનું સ્થાન થઇ પડી હતી. સર્વ લોકો તેને જોઈ અત્યંત પ્રસન્ન થતા હતા. એ બાલસતીના પ્રભાવથી સહદેવ અને પ્રીતિદાની ધર્મ કીર્તિ તે દેશમાં સર્વત્ર પ્રસાર થતી હતી.

## પ્રકરણ ૭ મું.

### સંસર્ગનો દોષ.

રૂદ્રદત્ત કપટી શ્રાવક બની ઋષિદત્તાને પરણ્યો હતો. તે પછી કેટલાક દિવસ સુધી વર્ધ્ધમાનનગરમાં રહી તેણે ઘણી લક્ષ્મી ઉપાર્જન કરી. પૂર્વ પુણ્યના પ્રભાવથી તેના ઘરમાં સંપત્તિ નૃત્ય કરવા લાગી. તેના વૈભવની ઊન્નતિ જોઈ સરલ હૃદયની ઋષિદત્તા અંતરમાં આનંદ પામતી હતી.

એક વખતે રૂદ્રદત્તે ઋષિદત્તાને કહ્યું, પ્રિયા, હવે આપણે સ્વદેશ જઇએ. સંપત્તિનું સુખ સ્વદેશમાં રહી ભોગવીએ. ઋષિદત્તા બોલી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણેશ, જેવી ઈચ્છા પણ આ વાત મારા પિતાને જણાવજો. જો કે, તેથી મને મારા પિતૃ ગૃહનો વિયોગ થશે પણ કુલીન સ્ત્રીએ પતિની સહચારિણી થવું જોઈએ. જયાં પતિ હોય ત્યાં તેની છાયાની જેમ અંગનાએ અનુસરવું જોઇએ. પતિના સુખે સુખી, અને પતિના દુઃખે દુઃખી રહેનારી વનિતા કુલ દીપિકા કહેવાય છે. પિતૃ ગૃહમાં વૈભવ વિલાસ હોય અને પતિગૃહમાં દારિદ્ર હોય પણ કુલીન કાંતાએ દારિદ્રનું સેવન કરવું એ તેનો પવિત્ર ધર્મ છે. પ્રાણેશ, જો તમારી ઈચ્છા સ્વદેશમાં જવાની હોય, તો આ તમારી ચરણ સેવિકા દાસી સાથે આવવા તૈયાર છે. ઋષિદત્તાના આવા વચન સાંભળી રૂદ્રદત્ત ખુશી થયો. અને સત્વર પોતાના સાસરા ઋષભસેનની આજ્ઞા લેવા આવ્યો.

રૂદ્રદત્ત ઋષભસેનની પાસે આવી વિનયથી બોલ્યો—શેઠજી, હવે મારી મનોવૃતિ સ્વદેશ તરફ જવા ઊત્સુક થઇછે. માણસ ગમે ત્યાં જાય પણ છેવટે તેને જન્મ ભૂમિ આકર્ષેછે. ધર્મપિતા, મને આપની કૃપાથી વૈભવ પ્રાપ્ત થયોછે. તો હવે સંતોષ માની મારી જન્મ ભૂમિમાં જવાની પૂર્ણ ઇચ્છાછે, તો આપ આજ્ઞા આપશો. રૂદ્રત્તના આવા વચન સાંભલી ઋષભસેને કહ્યુ, શ્રાવક રત્ન, યથા સુખં જેવી તમારી ઇચ્છા. જો કે તમારા જવાથી મારા મનને આનંદ આવશે નહીં પણ નિરૂપાય. પછી રૂદ્રદત્ત આજ્ઞા લઇ ઘેર ગયો અને ઋષભસેન શેઠે ઘરમાં આવી એ વાત પોતાની પત્ની વીરમતીને જણાવી. એ વાર્ત્તા સાંભલતાંજ વીરમતી પુત્રીના વિયોગ-થી ભયભીત થઇ ગઈ.

રૂદ્રદત્ત તૈયાર થઈ રૂષિદત્તાને સાથે લઈ પોતાના પૂજ્ય સાસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સસરાના મંદિર આગલ આવ્યો. વીરમતી પૂર્ણ પ્રેમથી પ્રિય પુત્રીને પ્રયાણની ભેટ આપવા આવી. રૂષિદત્તાની સખીઓ આવી તેની આસપાસ વીંટાઇ વળી. વીરમતીએ વાત્સલ્યથી નેત્રમાં અશ્રુ લાવી ગદ્‌ગદ્‌સ્વરે કહ્યું, વત્સે, તારો વિયોગ અમને દુઃખદાયક થઈ પડશે પણ બીજો શો ઉપાય ? પતિની આજ્ઞામાં રહેવું, એ રમણીનો સ્વધર્મ છે. પુત્રી, તું સર્વગુણ સંપન્ન છે, તથાપિ માતૃ ધર્મ સાચવવા ખાતર હું તને કેટલોક ઉપયોગી ઉપદેશ આપું છું, તે ધ્યાનમાં લેજે. "પ્રથમતો અમને એજ મોટો સંતોષ છે કે, એક પરમ જૈન શ્રાવક રત્નને તેં તારો હાથ આપ્યો છે. એ સત્પાત્રના પ્રભાવથી તારી આલોક અને પરલોકની ઉંન્નતિ સિદ્ધ થઈ ચુકી છે. ભદ્રે, હવે તારા પતિગૃહની તું રાણી થઈ છું. પિતૃગૃહ કરતાં પતિગૃહમાં વિશેષ સંતોષ માનજે. તારા પતિની ત્રિકરણ શુદ્ધ ભક્તિ કરજે. સ્વામિગૃહમાં જે ગુરૂજન (વડિલ) હોય તેમની આજ્ઞામાં રહી સેવા ઉઠાવજે. સત્પત્નીઓની સાથે વ્યવહાર કરજે. સૌભાગ્યના ગર્વથી અભિમાની થઈશ નહીં, કદિ સ્વામિ કષાયવશ થઈ કઠોરતા પ્રદર્શિત કરેતો પણ રોષવશા અને પ્રતિકૂલચારિણી થઈશમાં. દીનવર્ગ ઉપર સંપૂર્ણ દયા દાક્ષિણ્ય દેખાડજે. પ્રત્યેક ક્ષણે ક્ષણે વિચારજે કે, હું કોણ છું, મારૂં કુલ કેવું છે ? અને મારો ધર્મ કયો છે? અર્હંતની પ્રતિમાની પૂજા કરજે. શ્રાવકની આવશ્યક ક્રિયા કદિપણ ચુકીશમાં. સાધર્મીને સહાય આપજે. પરધર્મીની નિંદા કરીશ નહીં. સર્વને આત્મબુદ્ધિથી અવલોકજે. કઠોર વચનથી કોઈનું અપમાન કરીશ નહીં. સ્ત્રીઓ આવા વર્ત્તનથી ગૃહિણીપદમાં પ્રતિષ્ઠિતા થાય છે. એથી વિપરીત કરનારી કુનારીઓ કુલને કંટકરૂપ છે. એટલુંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં પણ તેઓ આત્માના અધઃપાતનું કારણરૂપ થાય છે."

આ પ્રમાણે માતાનો ઉપદેશ હૃદયમાં સ્થાપિત કરી રૂષિદત્તા ગદ્ગદ્ સ્વરે બોલી—ઉપકારી માતા, તમારા ઉપદેશે મારા હૃદયમાં સ્થાન કર્યું છે. તમારા જેવી પુત્રી વત્સલ માતાઓ જગતમાં થોડી હશે. જે માતાઓ "સ્વસુતાનો ઉદય અને સ્ત્રીધર્મ કેવીરીતે પ્રકાશિત રહેશે" એવી પવિત્ર ભાવના હૃદયમાં રાખી આવો મિષ્ટ ઉપદેશ કરે છે, તેજ ખરેખરી માનનીય માતાઓ છે.

(અપૂર્ણ.)

# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( અનુસંધાન ગત અંકના પૃષ્ઠ ૧૩૮ થી. )

સૂરિશ્રી નિત્યના નિયમ પ્રમાણે પ્રાતઃકાલની આવશ્યક ક્રીયા કરી પોતાના વિદ્વાન્ શિષ્યોના ઉપદેશક પ્રશ્નની રાહજોઈ બેઠા હતા. સર્વ શિષ્ય સમુદાયે એકત્ર થઇ વિચાર કર્યો કે, આજે કયા કયા પ્રશ્નો પુછવા ? છેવટે નિશ્ચય કર્યોકે, જેમના મનમાં કાંઇપણ વિષય સ્ફુર્યો હોય, તેમણે સર્વની સમક્ષ કહેવું. તેવામાં એક વિદ્વાન્ અને વૈરાગ્યથી રંગીત એવા મુનિએ વિનયથી આ પ્રમાણે કહ્યું, ભદ્ર, આપણે જાણીએ છીએ કે, આ જગતમાં સર્વ વસ્તુ ચપલ છે. અને તે વિષે કમલના દલ ઊપર રહેલા જલબિંદુની ઉપમા આપણને ઊપસ્થિત છે. તો આપણે તે વિષે ગુરૂ મુખથી જાણીએ તો આપણને અલભ્ય લાભ થશે. તે સાંભળી સર્વ સમાજ હર્ષ પામ્યો અને તે મુનિને એકી અવાજે અભિનંદન આપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણવારે બીજા મુનિ પ્રણયથી બોલ્યા—ધર્મમિત્રો, સાહિત્ય શાસ્ત્રમાં ચંદ્રના કીરણોને અમૃતમય કહેલા છે અને તે ખરેખરા તેવાજ આલ્હાદક છે. ચંદ્રના અમૃતમય કીરણોના જેવો આલ્હાદ આપણને માનવજીવનમાં કોનાથી મળે ? અને તેવો કોઇ માનવ-લભ્ય પદાર્થ છે કે, નહીં ? તે આપણે જાણવું જોઇએ. વિદ્વત્તાભરેલો આ પ્રશ્ન સાંભલી સર્વે આનંદ પામ્યા અને તે મુનિની કુશાગ્ર બુદ્ધિ-ની પ્રશંસા કરવા લાગ્યા.

પછી સર્વે મલી શાંત અને ગંભીર મુદ્રાધરી બેઠેલા પોતાના ગુરૂવર્યની પાંસે આવ્યા. સર્વેએ અંજાલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો—“ **नलिनी दलगतजल लवतरलं किं** ” “ કમલના પુ-ષ્પના દલ ઊપર રહેલા જલબિંદુના જેવું ચપલ શું છે? ” મંદમંદ હાસ્ય કરતાં ગુરૂ બોલ્યા—“ **यौवनं धनमथायुः** ” “ યૌવનવય, ધન અને આયુષ્ય ” તે સાંભળી પરમાનંદને પ્રાપ્ત થયેલા શિષ્યોએ તરત બીજો પ્રશ્ન કર્યો—“ **के शशधरकर निकरानुकारिणः** ” “ ચંદ્રના કીરણોના સમૂહને અનુસરનારા કોણ છે ” ? શિષ્યોની પ્રશ્ન ચાતુરીથી પ્રસન્ન થયેલા સૂરિશ્રીએ કહ્યું—“ **सज्जना एव** ” તેવા તો સજ્જન પુરૂષોજ છે ” આ સદ્બોધક ઉત્તર સાંભળી સર્વ સાધુ સમાજ અત્યંત આનંદ પામ્યો. ઉપરના બે પ્રશ્ન ઉપર વિવે-ચન કરતાં સુરિશ્રી બોલ્યા કે, શિષ્યો તમોએ પુછેલા પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે, “ યૌવનવય, ધન અને આયુષ્ય કમલના દલ ઉપર રહેલા જલબિંદુના જેમ ચપલ છે. ” આ વિષે તમે તમારા વૈરાગ્ય બલથી સૂક્ષ્મ રીતે જોશો તો તમને માલમ થશે કે, અક્ષરશઃ સત્ય છે જોકે જગતના પુદગાલક પદાર્થો બધાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપલ છે પણ ખાસ આ ત્રણ પદાર્થ વિષે કહ્યું તે હેતુ પૂર્વક છે. યૌવનવય કે જેના મદથી મત્ત થયેલા પ્રાણી પોતાની ધાર્મિક અને વ્યવહારિક સ્થિતિ ભુલી જાય છે અને તે વય શાશ્વત રહેવાનું છે એમ માની બેસેછે. વલી તે વયમાં ઇંદ્રિયોના વિષય પ્રબલ થવાથી તારૂણ્યમાં તરી રહેલા તરૂણો કુમાર્ગે દોરાઈ અનેક અનુચિત કર્મ કરેછે. જેથી એવય જગતમાં “ गधापच्चीशी” એ નામથી ઓલખાય છે. યૌવનના અપ્રતિહાર્ય મદમાં અંધ થયેલા પ્રાણી કાંઈ પણ દેખતા નથી. અકાર્યના પ્રબલ પ્રવાહમાં તેઓ તણાઇ જાયછે. અને તે વયને સ્થિર માનવાની અજ્ઞાનતામાં ઢંકાઇ રહેછે. તે માટેજ અહિં કહેવામાં આવ્યું છે કે, યૌવનવય કમલપત્રના જલબિંદુની જેમ ચપલ છે.

બીજા ધન પદાર્થને ચપલ કહેવાનું કારણ પણ તેવુંજ વિચારણીય છે. ધન– વૈભવ કે જેની મદોન્મત્તતા શાસ્ત્રકારોએ ઘણે સ્થાને વર્ણવી છે અને તેના પૂર્ણ દૃષ્ટાંતો આર્હતવાણીમાં પદે પદે આવેછે. તે ધન–વૈભવના મદથી માનવ અનેક અકાર્ય શ્રેણી આચરવા ઉતરી પડે છે. ધન લોભરૂપ મહા રાક્ષસની સેવાથી પ્રાણીઓ ક્ષણવારમાં પ્રાણાતિપાત જેવા ઘોરકાર્ય કરેછે. એવા અનર્થકારી અર્થના પરિગ્રહ માટે શાસ્ત્રકારોએ અનેક નિયમથી શિક્ષા આપી છે. ધન એ નારકીની નગરીનું મુખ્યદ્વાર છે, વ્રત ભંગનો અવાર્ય ઉપાય છે, સાધુતાને છેદનાર છે, દુર્જન્યવિદ્યાનો શિક્ષક છે, ભ્રષ્ટતાનો સહાયક છે અને પ્રમાણિકતાનો પ્રલય કાલ છે. આવા અનર્થ હેતુ ધનથી મત્ત થયેલા મનુષ્યો લક્ષ્મીમદમાં મગ્ન થઇ તે ધનને સર્વકાલ સ્થાયી માને છે. અને તેવી બુદ્ધિએ તેની ઇષ્ટવત્ ઉપાસના કરેછે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ધન—વૈભવપણ ચપલ છે. ઘણાં ધનવંત ક્ષણમાં નિર્ધન થયેલા જોવામાં આવેછે. માટે તેને પણ ચપલ કહેલ છે.

ત્રીજા આયુષ્ય ને ચપલ કહેવાનો હેતુતો સ્પષ્ટજ છે. તે વિષે જેટલું વિવેચન કરીએ તેટલું થઇ શકે તેમ છે. આયુષ્યને સ્થિર માની આત્મ કર્તવ્યથી વિમુખ થનારા મનુષ્યો આખર પશ્ચાતાપમાં પડે છે. ક્ષણવાર પેહેલા જેને આપણે સ્વતંત્ર રીતે વિલાસ કરતો જોયો હોય તેને ક્ષણવાર પછી જગતમાં જાણે હતોજ નહીં તેવો જોઇએ છીએ. મોટા ચક્રવર્તીઓ, મહાત્માઓ, કેવલજ્ઞાનીઓ અને તપસ્વીઓ પણ કાલધર્મને આધીન થયેલા છે. આ જગત્સમુદ્રમાં અનેક પ્રાણીરૂપ મત્સ્ય આયુષ્યની ચપલતાના ભોગ થઈ પડયા છે. તેવા ચપલ આયુષ્યને સ્થિર માનનારા પ્રાણીઓ ખરેખરા મૂઢ છે. તેથીજ યૌવન, ધન અને આયુષ્ય—એ ત્રણને મુખ્યત્વે કરીને ચપલ કહેલા છે. તમે પણ એ ચપલતા જાણી આત્મ સાધનમાં પ્રમાદ કરશો નહીં.

પ્રિય શિષ્યો, બીજા પ્રશ્નોત્તરમાં કહ્યુ કે, "ચંદ્રના કિરણોના સમૂહને અનુસરનારા સજ્જન પુરૂષો છે" એ ખરેખરૂં છે, ચંદ્રના કીરણો જેમ શીતલતાને લીધે આલ્હાદકછે, તેમ સજ્જનો પોતાના શાંત ગુણની શીતલતાથી આલ્હાદક થાયછે. ચંદ્રના કિરણોમાં જેમ દિવ્ય અમૃતના ગુણ દેખાય છે તેમ સત્પુરૂષોની વાણીમાં દિવ્ય અમૃતના ગુણ રહેલા છે. આ જગતમાં સજ્જન પુરૂષોથીજ દુ:ખી દીનજનને પરમ શાંતિ મલે છે. સંસારના મહાતાપથી પરિતપ્ત થયેલા મનુષ્યોને સજ્જન પુરૂષોની વાણીરૂપ સુધાનું સિંચન સર્વોત્તમ શાંતિ આપે છે. સજ્જન પુરૂષોથીજ આ વિશ્વની મર્યાદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટકી રહેલી છે. ધર્મરૂપ મહા પ્રાસાદના સજ્જન રૂપી દ્રઢ સ્તંભોછે. એ સ્તંભના અવલંબનથીજ ધર્મ ટકી રહેલો છે. સજ્જનો નીતિરૂપ કલ્પલતાના આશ્રય વૃક્ષ છે, પ્રમાણિકતાના પોષક છે, દુર્જનતાના નિવારક છે, ધાર્મિકતાના ધારક છે, અને દાક્ષિણ્યતાના સાગર છે. સજ્જનોની અમૃતમય દ્રષ્ટિથી સિંચિત થયેલું માનવ જીવન સંપૂર્ણ ફલપ્રદ થાય છે. સજ્જનના જીવનનો ઊદ્દેશ પરોપકાર અને આત્મ સાધનનો હોયછે. સજ્જનની દિગંતવ્યાપી, સ્મૃતિમયી કીર્તિરૂપ નિર્મલ ગંગા તેના જીવનના જયધ્વનિથી ગાજતી ગાજતી અનંત સાગરમાં મલે છે. સજ્જનોનું ચારિત્ર માનવ જીવનનું સર્વોત્કૃષ્ટ શિક્ષકરૂપ થાય છે. સજ્જનોનો સમાગમ ભવજાલમાંથી ઉદ્ધાર કરનાર છે સત્સમાગમનો પ્રભાવ અલૌકીક છે, ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના બંને માર્ગ સત્સમાગમથી પ્રકાશિત થાય છે. એવા સજ્જન પુરૂષો ખરેખરા ચંદ્રના કિરણના સમૂહને અનુસરનારા છે, તેવાજ આલ્હાદક છે, શિષ્યો, તેવા સજ્જનોના ઊત્તમ ગુણ સંપાદન કરવા તમારે સતત્ પ્રયત્ન કરવો.

આ પ્રમાણે બંને પ્રશ્ન ઉપર વિવેચન થયા પછી અંતરમાં આનંદ પામેલા સર્વ શિષ્યો પરસ્પર સસ્મિતવદને જોવા લાગ્યા અને પોતાના ઉપકારી ગુરૂના ચરણ કમલમાં વારંવાર ભાવપૂર્વક વંદના કરવા લાગ્યા. પછી તે પ્રશ્નોત્તરની સદબોધક ગાથાને કંઠસ્થ કરી.

**नलिनी दलगतजलतरलं किं यौवनं धनमथायुः ।**
**के शशधरकरनिकरानुकारिणः सज्जना एव ॥ १२ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્ય—કમલના દલ ઉપર રહેલા જલબિંદુના જેવું ચપલ શું છે ?

ગુરૂ—યૌવનવય, ધન અને આયુષ્ય.

શિષ્ય—ચંદ્રના કિરણોના સમૂહને અનુસરે તેવા કોણ ?

ગુરૂ—સજ્જન પુરૂષો.

અપૂર્ણ.

# મિછામિ દુક્કડંની વિવક્ષા.

## લી૦ મુનિ રત્નવિજય.

આપણા ધર્મમાં અનાદિકાલથી સઘલા શ્રાવકો પરસ્પર મિછામિ દુક્કડં એ પવિત્ર પાઠ પુનઃપુન સુસ્પષ્ટોચ્ચારણ પૂર્વક બોલીને દ્વેષ ભાવને ક્ષય કરેછે. અનાદિકાલથી કેટલાક પ્રાણીઓતો લોક સંજ્ઞા અને ઓઘ સંજ્ઞા વડે શુક પાઠવત્ નિરૂપયોગપણે બોલી પોતાને કૃત કૃત્ય થયો માનેછે. પણ તત્વજ્ઞાનીઓ આ વાતને બિન શ્રીમતની ગણેછે. ત્યારે વિવેકી જીવોને એ મહાવાકયનું અભિલાપ્યાર્થ જાણવા જરૂરછે. " દુક્કડં મિછામિ" એટલે દુષ્કૃત વ્યર્થ થાય. દુષ્કૃત એટલે માઠું કરેલું કૃત્ય. માનસિક વાચિક કાયિક. એ ત્રણે પ્રકારનું પાપ વસ્તુગતે તપાસવાથી એમ સમજવું કે, કુશાગ્ર ડાભ કે સોઈ એઓની અણી (અગ્રભાગ) ઉપર રહે એટલું પણ દ્વેષ બીલકુલ યોગ્ય નથી. તો મેરૂને તોળીશકે, આકાશને ઉલ્લંઘન કરી શકે, અને સમુદ્રને શોષણ કરી શકે, એવું ગંજાવર વૈરને રાખનાર કયો પુરૂષ નિર્ભય થયોછે.? કોઇ નહિ. ત્યારે આવા ભયંકર પાપને તત્કાળ ક્ષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું એજ સર્વે આગમોનું મુદ્રા લેખ વાકયછે. આટલું નિશ્ચય કરનાર વાચકે ખાત્રીથી મિછામિ દુક્કડંના ભેદ પ્રકાર સમજવા. તે આ પ્રમાણે પ્રથમ નારકી જીવોના (૧૪) તિર્યંચ પ્રાણીઓના (૪૮) માનવજાતિનાં (૩૦૩) દેવયોનિનાં (૧૯૮) કુલ (૫૬૩) પ્રકાર આ સકર્મક જીવોનાં જુદા જુદા કર્મ જનિત ભેદ જાણવા. તે સઘલાને અભિહુયા, વત્તીયા, લેસિયા, સંઘાઈયા, સંઘટિયા, પરિયાવઇઆ, કિલામિયા, ઉદવિયા, ઠાણા, ઊઠાણા, સંકામિયા, જીવિયાઓ, વવરોવિયા. આ (૧૦) થી (૫૬૩૦) તે રાગદ્વેષવડે દ્વિ ગુણ કરવા (૧૧૨૬૦) તેને મન વચન કાયા ત્રિગુણ કરવા (૩૩૭૮૦) તેને કરવું કરાવવું અનુમોદવું, એથી ત્રિગુણા, (૧૦૧૩૪૦) તેને ભૂત ભવિષ્ય વર્તમાન કાલ ત્રિકથી ત્રિગુણા (૩૦૪૦૨૦) તેને અરિહંત સિદ્ધ આચાર્ય કેવલી ગુરૂ આત્મા એ છ સાક્ષીવડે છગુણા કરતાં (૧૮૨૪૧૨૦) મિચ્છાંમિદુકડં થાય આગુણે વિશુદ્ધિ ઉપયોગવડે ક્રિયા કરવામાં આવે તોજ ફલ રૂપ ગણાય છે શિવાય (નૃપવિષ્ટિ) રાજાની વેઠ જેમ કુંભારના મિચ્છામિદુકડં જેમ વ્યર્થ કાય કલેશ વૃદ્ધિ કરી આજ્ઞા વિરાધક ભાવને જન્મઆપનાર બને છે. "ખમિએને ખમાવીએ એ જિન સાસન રીત તો" એવું વિનયવિજયજી મહારાજ બોલે છે. તે પ્રમાણે કરનાર તત્ત્વ જાણી શકે છે. પણ કેવલ કલ સંચાઓ ચડાવેલા ફોનોગ્રાફ જેમ જીવતા ફોનોગ્રાફ ધબોધબ બોલી ઉઠનાર જૈનીયો માફીનો દાવો કરનાર હોઈ શકે નહિ. અહો સારા શ્રાવકો નવકારના ગણનાર થઈ આ મહા ભયંકર વ્યાધિને ક્ષયનાર પરમૌષધી રૂપ મિચ્છામિદુકડં નુયથાવિધિ પાન કરી (કરી) પરહેજ પાલવા ખબરદાર અને તત્પર થાઓ. જેથી, આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવમાંથી સર્વસ્વ કૃત કૃત્ય થઈ પરમ પદ પ્રાપ્તિ પામો. અને અનેક જીવોનાં ઊદ્ધાર કરનાર તરીકે સ્મરણ કરવા લાયક થાઓ. એજ.

મિચ્છામિદુકડંનાં સંબંધમાં બારીકીથી તપાસતાં એમતો સાબીતી મળે છે, કે પ્રાયે પ્રકૃતિનાં ક્ષય ઉપસમપણાની હાજરીથી એ ક્રીયા કોઈકજ મહાત્મા પુરૂષ કરતો હશે; પોતાને પવિત્ર થવા માટે ગલથુથી જેમ પુનઃ પુનઃ પ્રઘોષ થયા કરે છે પણ મહા પ્રભુએ એ સંબંધમાં વિશેષ કહ્યું છે. કેવલ વાચિક ક્રિયા યોગ્ય ગણાય નહિ અંતઃકરણ, અધ્યવસાય,પરિણામ.ભાવના,લેસ્યા,યોગ,ઉપયોગ, હેતુ, ઉદ્દેશ, સ્વરૂપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ચરણ, કરણાદિ ઉત્તમ ગુણોની હાજરી હોવી જોઈએ ત્યારેજ મિચ્છામિદુંકડં સાર્થક બને સિવાય અંધપરંપરા અજપ્રવાહ ગતાનુ ગતિકો લોકો એવા દાખલા યોગ્ય. કરેલું સઘલું વ્યર્થજ માફી માગ્યા પછી તરતજ મનમાં કડો કૂદા-કૂદ કરવા મચી પડે વૃત્તિ વિક્ષેપ પામે. કલ્પનાઓ જાગ્રત થાય હું તુંમાં અભિસરણ (ફરવું) થાય. લાગણીઓ તાજી થાય. મનતંગ થાય. વાસના વિસ્કુરણ થાય, હૃદય ધમાધમ કરે,યોગ ચપલ થાય, પૂર્વ પશ્ચાત્‌નાં સંયોગો યાદ આવે, ભૂતભાવિનો ભાન થાય, વહાલા વેરીની સંજ્ઞા બંધાય, નિજપરની હદ ગણાય વિગેરે જો રૂપાંત્તર થાય તો, ચોક્કસ કબૂલ કરવું કે માફી માંગીજ નથી. અગર પાપ ત્યજ્યુંજ નથી. તેમ સંસારનાં સંયોગો ત્યજાજ નથી. કેમકે સૂર્ય પ્રકાશ્યા પછી તમઃ હોયજ નહી. માફીનાં બદલે બીજુંજ બોલાયું લીલમમણિના બદલે લીહાલા પકડયા. તેમ માફી બદલે કાફીનો કેફ ચડી જાય. સંયોગ માત્રનો પરિત્યાગ કરી જૈન મુનિ થઈ શકાય છે. એ પરમાત્માની આજ્ઞા ધ્યાનમાં રાખવી જોઈએ.

For Private And Personal Use Only